વોર્ડ નં. ૩માં મહાસંગ્રામના મહારથીઓ દાવેદાર

બન્ને પક્ષે ઉમેદવારો નિશ્ચિત હોવા છતાં દાવેદારોની યાદી લાંબી થતી જાય છે

મહાનગરનો મહાસંગ્રામ
- સંજય દૃષ્ટિ

વોર્ડ નં. ૩ એટલે નગરનો હાર્ટ વિસ્તાર. સે. ૩૦, સે. ૨૦, સે. ૧૯, સે. ૨૧ અને સે. ૨ ૨નો સમાવેશ વોર્ડ નં. ૩માં છે. આ વિસ્તારના ચાર સીટીંગ કોર્પોરેટરો છે. પૂર્વમેયર મહેન્દ્રસિંહ રાણા, પૂર્વ ડે. મેયર સુભાષ પાંડવ, સ્ટેન્ડીંગ કમિટીના પૂર્વ ચેરમેન પ્રવિણભાઈ પટેલ અને અગ્રણી કોર્પોરેટર શ્રી અશ્વિનભાઈ વ્યાસ(કુકર). આ વોર્ડમાં ૧૯૦૭૬ મતદારો છે. જેમાં ૯૮૯૩ પુરૂષ મતદારો અને ૯૧૮૩ મહિલા મતદારો છે. આ વોર્ડમાં બે મહિલા બિન અનામત વર્ગમાંથી પ્રતિનિધિત્વ કરી શકશે. જ્યારે ૧ અનુસૂચિત જનજાતિ વર્ગમાંથી પુરૂષ અને ૧ બિન અનામત વર્ગમાંથી પુરૂષ ઉમેદવારો રહેશે. આગાહી તો એવી પણ છે કે આ ચાર બેઠકો માટે ૧૮ થી ૨૦ ઉમેદવારો મેદાનમાં હશે.

ભાજપના સંભવિત ઉમેદવારોની ચર્ચા આ વોર્ડને ગજવે છે. પૂર્વ મેયર મહેન્દ્રસિંહ રાણા અને પૂર્વ ડેપ્યુટી મેયર સુભાષ પાંડવના નામો અગ્રતા ક્રમે ચાલે છે. જ્યારે જાણીતા વેપારી અગ્રણી કાળીદાસ પટેલ, શહેર ભાજપના મંત્રી મહેશસિંહ રાઓલ અને નાગરીક બેન્કના ડિરેક્ટર વિપુલભાઈ પટેલના નામ પણ જોરશોરથી ગાજે છે. આ ઉપરાંત દૂધ મંડળીના ડિરેક્ટર કેતનભાઈ પટેલ અને જાણીતા વેપારી અગ્રણી પ્રવિણભાઈ નાથાલાલ પટેલના નામો વાત વાતમાં ઉપડી રહ્યા છે. બન્ને સામાન્ય મહિલા બેઠકો માટે સાતેક મહિલા આગેવાનોના નામો ચર્ચામાં છે. જેમાં મુખ્યત્વે લાયોનેસ ક્લબના પૂર્વ પ્રમુખ નિકિતાબેન શાહ, જ્યોત્સનાબેન કાળીદાસ પટેલ, રીટાબેન કેતનભાઈ પટેલ, પ્રીતિબેન ધવલભાઈ દવે અને દક્ષાબેન શુકલના નામો ચર્ચામાં છે. આમ ભાજપમાં લાઈન લાંબી છે. પણ લગભગ નામો નક્કી છે. આમ છતાં ચર્ચામાં સૌને રહેવું છે.

તો કોંગ્રેસ પક્ષે પણ દાવેદારોની યાદી રસપ્રદ બની રહી છે. શહેરના અગ્રણી વેપારી અને સ્ટેન્ડીંગ કમિટીના પૂર્વ ચેરમેન પ્રવિણભાઈ પટેલ (ક્વોલીટી) અને જાણીતા પત્રકાર અને વર્તમાન કોર્પોરેટર શ્રી અશ્વિન વ્યાસ (કુકર)ના નામો ચર્ચામાં મોખરે છે. આ ઉપરાંત જાણીતા યુવા અગ્રણી અને જીમખાનાના ડાયરેક્ટર હરેન્દ્રસિંહ જાદવ તથા નાગરિક બેન્કના ડિરેક્ટર જયંતિભાઈ નાથાલાલ ભગતના નામો પણ ચર્ચાને રસપ્રદ બનાવે છે. અનુસૂચિત જનજાતિની અનામત બેઠક માટે સે. ૭ના વર્તમાન કોર્પોરેટર નામદેવ વરસાતનું નામ અહીંયા કોંગ્રેસી વર્તુળોમાં વિશ્વાસપૂર્વક ચર્ચાય છે. કાન્તિભાઈ પ્રજાપતિ, અમરસિંહ રમલાવત, જયમીનભાઈ શુક્લ જેવા કાર્યકરો પણ દાવેદારોની યાદીમાં છે. રસપ્રદ વાત એ છે કે આ વોર્ડમાં બિન અનામત પુરૂષ બેઠક માટે જેને ટિકીટ નહીં આપી શકાય તેમના પત્નિઓના નામ મહિલા બેઠક માટે સક્રિય રીતે વિચારાઈ રહ્યા છે. જેમાં સર્વશ્રી ભાવનાબેન અશ્વિનભાઈ વ્યાસ, શકુંતલાબા હરેન્દ્રસિંહ જાદવ, રીટાબા ગણપતસિંહ વાઘેલા, અલ્પાબેન મહેશભાઈ પટેલના નામ સક્રિય વિચારણામાં છે. આમ બન્ને પક્ષે ઉમેદવારોના નામ લગભગ નિશ્ચિત છે. છતાં દાવેદારોની યાદી તો લાંબી બનતી જાય છે.

હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ

તારું ફુલ નહીં લઉં... તું કોઈને પ્રેમ ન કરી શકે... મે જોયું હતું... અર્થ અવરમાં તે લાઈટ બંધ ન હતી રાખી...!!

હવે તો, અસામાજીક તત્વો સિવિલના વોર્ડમાં ફરતા થઈ ગયા...!

ગાંધીનગર, તા.૨૭

ગાંધીનગર સિવિલ હોસ્પિટલના ગ્રાઉન્ડ ફલોર પર આવેલા નવજાત બાળકોના આઈસીયુ વોર્ડમાં એક અજાણ્યો શખ્સ ડોકટરના સ્વાંગમાં અંદર પ્રેવશી ગયો હતો. આ યુવાન શખ્સ અંદર જઈને ઘુંઘવાતા નવજાત બાળકોના સગાઓએ પુછપરછ કરતા શખ્સ ડોકટર ના હોવાનું બહાર આવ્યું હતું. સિવિલ હોસ્પિટલમાં રાત્રીના સમયે યુવાનને લઈ ભારે હોબાળો મચી જવા પામ્યો હતો.

ગાંધીનગર મેડીકલ કોલેજ સંલગ્ન હોસ્પિટલમાં રોજના હજ્જારો દર્દીઓ આવે છે. ગાંધીનગર સહિત આસપાસના જિલ્લાના પણ દર્દીઓ શહેરની હોસ્પિટલમાં વિવિધ રોગની સારવાર માટે આવે છે. શહેરની હોસ્પિટલ દર્દીઓ માટે આશીર્વાદ રુપ સાબિત થઈ રહી છે. સિવિલ સંકુલમાં અસામાજીક તત્વો અડીંગો જમાવીને બેસતા હતા પરંતુ હવે આવા તત્વો સિવિલ સંકુલમાં આવેલા વોર્ડમાં પણ બિન્દાસ ઘુસીને રોફ જમાવતા નજરે પડે છે. ગત્ રાત્રીના સુમારે ગ્રાઉન્ડ ફલોરઆવેલ નવજાત બાળકના આઈસીયુ વોર્ડમાં એક યુવાન ડોકટરના સ્વાંગમાં ઘુસી ગયો હતો. આ ડોકટરના સ્વાંગમાં રાચતા યુવાન અંદર જઈને કયા જવું તેની ખબર ના પડતા રઘવાયો બન્યો હતો. નવજાત બાળકોના સગાઓએ ડોકટરના સ્વાંગમાં બાળકોના વોર્ડમાં ઘુસેલા યુવાનની પુછપરછ કરી હતી પરંતુ યોગ્ય જવાબ ન મળતા મામલો ઘરમાયો હતો. ઉલ્લેખનીય છેકે આ ડોકટરના સ્વાંગમાં વોર્ડમાં ઘુસેલો યુવાન દારુ પીધેલો હોવાનું સિવિલ કેમ્પસમા ચર્ચાતુ હતુ. જયારે સિવિલમાં રાત્રીના સમયે નવા બિલ્ડીંગના છઠ્ઠા માળે પણ એક બનાવ બનવા પામ્યો હતો જેમાં અકસ્માતના દર્દીને રાત્રીના સમયે તાત્કાલીક વિભાગમાં સારવાર આપીને છઠ્ઠા માળે શીફટ કરવામાં આવ્યો હતો. આ દર્દીના સગા મોડી રાત્રે સિવિલના છઠા માળે આવી પહોંચ્યા હતા અને વોર્ડમાં ફર્યા હતા. પરંતુ પોતાનું સ્વજન દર્દીના ના દેખાતા હાજર નર્સને પુછપરછ કરી હતી. પરંતુ યોગ્ય જવાબ ના મળતા દર્દી અને સિવિલના સ્ટાફ વચ્ચે ચકમક ઝરી હતી. બંધ બારણે વાતો કરતા સ્ટાફને દર્દી વિશે પુછતા જવાબ મળયો કે દર્દીનું ધ્યાન રાખવાનું કામ અમારુ નથી સિકયુરીટીનું છે તેમ કહી પોતાની જવાબદારીમાંથી સ્ટાફના માણસો છટકબારી શોધતા નજરે પડ્યા હતા.જેના માટે મામલો ઘરમાયો હતો તે દર્દી વોશરુમમાંથી આવતા દર્દીના સગાઓએ રાહતનો દમ લીધો હતો. સિવિલમાં રાત્રીના સમયે બે બનાવ બન્યા હોવા છતા સિવિલના સતાધિશો અજાણ હતા.

ખૂણે ખાંચરેથી...

- જિલ્લાના સ્વાતંત્ર્ય સેનાની અને મહિલાના હક્કોના લડવૈયા શ્રીમતિ શ્રીદેવી પંડિતની તબિયત લથડતાં તેમને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરાયા છે.
- ભાજપ અને કોંગ્રેસના આગેવાનો દ્વારા સેક્ટરોમાં ગૃપ બેઠકોનો દોર શરૂ થયો છે.
- ગાંધીનગરમાં વિધાનસભાનું સત્ર ચાર દિવસના મીની વેકેશન બાદ આજથી પુનઃ શરૂ થશે અને તેના અંતિમ ચરણમાં નાણાંકીય બિલો તેમજ કેટલાક સુધારા બિલો રજુ થશે.
- ગાંધીનગર શહેરના વિવિધ સેક્ટરોમાં આડેધડ બાળકોની રમત-ગમતની કીટ ફીટ કરાતી હોવાની ફરિયાદો ઉઠી છે.
- વાઈ-ફાઈ સીટી અંગેની જાહેરાત મંગળવાર સુધીમાં કરાશે તેવા સંકેતો મળી રહ્યા છે.
- ગાંધીનગર મનપાના ચૂંટણી પ્રચારકોની યાદી બન્ને પક્ષો દ્વારા તૈયાર કરવાની કવાયત ચાલી રહી છે.
- ગાંધીનગર જિલ્લામાં પંચાયત હસ્તકના તલાટીઓની ૯૧ જગ્યા ખાલી છે.
- ગાંધીનગર શહેરમાં વાઈરલ ફિવરના દર્દીઓની સંખ્યા વધી રહી છે.

શહેરના સર્કલો પર કાર્યક્રમ પુરો થયા બાદ પણ હોંડીગ્સ લટકી રહ્યા છે

ગાંધીનગર, તા.૨૭

ગાંધીનગર શહેર હોડીંગ્સ નગરી બની હોય તેવું લાગી રહ્યું છે. શહેરના સર્કલો પર ઠેર ઠેર વિવિધ કાર્યક્રમના હોડીંગ્સ લટકી રહ્યા છે. આ હોડીંગ્સમાં દર્શાવેલા કાર્યક્રમ પુરો થયાને દિવસો વિત્યા હોવા છતા સર્કલો પર હોડીંગ્સ લટકી રહ્યા છે. તંત્રને જાણે આ હોડીંગ્સ ઉતારવામાં રસ નથી અથવા તંત્ર જાણી જોઈને ઉદાસીન વલણ દાખવી રહ્યું હોય તેવું લાગી રહ્યું છે.

ગાંધીનગર શહેર અત્યારે હાલના સમયે હોડીંગ-બેનર નગરી બની હોય તેવું લાગી રહ્યું છે. શહેરના મુખ્ય સર્કલો ઘ-૦, ૧, ૨, ૩, ૪, ૫, ૬, ૭, ગ-૦, ખ-૦, ચ-૦, ચ-૩, ૫, ૬ સહિત નગરના પ્રવેશ દ્વાર પર વિવિધ કાર્યક્રમોના બેનરો લગાવામાં આવે છે. આ બેનરોમાં દર્શાવેલા કાર્યક્રમ પૂર્ણ થયાને દિવસો વિત્યા હોવા છતા બેનરો લટકી રહ્યા છે. શહેરના નગારીકો પણ આ લટકી રહેલા બેનરો જોઈને અચંબા પડી જાય છે. શહેરમાં કેટલાક બેનરો તો તુટી ગયા હોવા છતા લટકી રહ્યા છે. ગાંધીનગરમાં તંત્ર દ્વારા મંજુરી વિનાના બેનરો તાત્કાલીક ધોરણે હટાવી દેવામાં આવ્યા છે. ત્યારે શહેરના સર્કલો પર વિવિધ કાર્યક્રમોના લટકી રહેલા બેનરો કેમ તંત્ર દ્વારા હટાવામાં આવતા નથી. નગરમાં લાગેલા હોડીંગ્સ-બેનરો હટાવવામાં તંત્ર જાણે ઉદાસીન વલણ દાખવી રહ્યું છે. ગાંધીનગર શહેરમાં અત્યારે હાલ મનપાની ચુંટણીને ગણતરીના દિવસો બાકી રહ્યા છે ત્યારે વિવિધ કાર્યક્રમોની ભરમાર જોવા મળી રહી છે. જેને પગલે શહેરમાં આવેલા સર્કલો બેનરો લગાડવા માટે હોટ ફેવરીટ બન્યા છે. પરંતુ કાર્યક્રમ સમાપ્ત થયા બાદ પણ સંસ્થા કે જાહેરાત વાળા પોતાના બેનરો સર્કલો પરથી દુર કરતા નથી. તો બીજી તરફ તંત્ર દ્વારા સત્વરે બેનરો દુર કરવામાં આવે તેવું નાગરીકો ઈચ્છી રહ્યા છે. જયારે કેટલીક જગ્યાએ તાજેતરમાં આવેલા જોરદાર પવનને લઈ બેનરો તુટી ગયા છે તો કેટલાક ફાટી ગયા છે જેને પગલે બેનરોનું લખાણ પણ વાંચવામાં નગરજનોને આવતું નથી આવા બેનરો પણ ઉતારવામાં આવે તેવું નગરજનો ઈચ્છી રહ્યા છે.

પનઘટ કલા કેન્દ્ર દ્વારા સંગીતમય કાર્યક્રમ યોજાશે

પનઘટ કલા કેન્દ્ર દ્વારા આગામી તા. ૩૦મી માર્ચને બુધવારના રોજ રાત્રે ૮.૩૦ કલાકે, સેક્ટર-૧૭, ટાઉનહોલ ખાતે સ્વર નયનેશી મેળા સંગીતમય કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. મુંબઈના નિશા ઉપાધ્યાય, અર્ચના દવે, આનલ વસાવડા, અમિતા પટેલ, ભૂમિક શાહ, પ્રહર વોરા અને નયનેશ જાની સહિતના કલાકારો તમને ગમતા સ્વરાંકનોની રજૂઆત કરશે.

કાર્યક્રમમાં સુપ્રસિદ્ધ ગાયક તથા સંગીતકાર પુરૂષોત્તમ ઉપાધ્યાય અને ગૌરાંગ વ્યાસ, પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડના અધ્યક્ષ મહેન્દ્ર ત્રિવેદી, ગાંધીનગર કલ્ચરલ ફોરમના અધ્યક્ષ કૃષ્ણકાન્ત જહા, ગુજરાત સાહિત્ય અકાદમીના અધ્યક્ષ ભાગ્યેશ જહા, કવિ અંકિત ત્રિવેદી, કલા કેન્દ્રના સંચાલક ભાવિન પટેલ ઉપસ્થિત રહેશે.

પોલીસ જવાનોનું મેડીકલ ચેકઅપ કરાયુ

ગાંધીનગર જિલ્લાની પેથાપુર પોલીસ અને પેથાપુર સ્થિત સાનિધ્ય મલ્ટી સ્પેશ્યાલીટી હોસ્પિટલના સંયુક્ત ઉપક્રમે પોલીસ જવાનો માટે નિઃશુલ્ક મેડીકલ ચેકઅપ કેમ્પ રાખવામાં આવ્યો હતો. આજે સવારે ૯ વાગ્યાથી ૨ વાગ્યા સુધીના સમયગાળામાં પેથાપુર પોલીસમથક, સેક્ટર-૨૧ પોલીસમથક અને હેડ ક્વાર્ટરના પોલીસ અધિકારી કર્મચારીઓ મળીને ૮૦ જેટલા પોલીસ કર્મીઓએ કેમ્પમાં મેડીકલ ચેકઅપ કરાવ્યો હતો. જેનો રીપોર્ટ બે દિવસમાં આવશે. જો કે મોટાભાગની પોલીસને બ્લડપ્રેશરની તકલીફ હોવાનુ ધ્યાને આવ્યું હતું.

હવે તો સરકીટ હાઉસને પણ મોંઘવારી નડી

રહેવા અને જમવાના દરોમાં વધારો ઝિંકાયો

ગુજરાત સરકારના સરકીટ હાઉસ અને વિશ્રામગૃહોમાં સરકારી ઓફિસરો માટે રહેવું અને જમવું મોંઘુ પડશે, કારણ કે માર્ગ-મકાન વિભાગે તમામ દરોમાં સુધારા વધારા કર્યો છે. સરકારી મહેમાન બનીને જતા ઓફિસરો માટે જો કે આ રકમ ખૂબ નાની ગણાય છે, કારણ કે સરકીટ હાઉસના ખાનગી દરો હજી ૧૩૦૦ રૂપિયાથી વધ્યા નથી. ઓફિસ ઓન ડ્યુટીના દરોમાં એરકન્ડીશન્ડ રૂમનો ચાર્જ ૮૦ થી ૧૨૦ રૂપિયાની આસપાસ થયો છે. પથિકાશ્રમમાં તો સરકારી દર ૨૦ થી ૩૦ રૂપિયાનો રાખવામાં આવ્યો છે. જો કે ચાય અને કોફીનો એક કપ ૧૦ થી ૧૨ રૂપિયામાં પડશે. નાસ્તાની પ્રત્યેક ચીજના ૨૦ થઈ

સરકારી દવાખાનામાં ૧૭૦૦ વ્યક્તિએ એક ડોક્ટર, ૧૦ લાખે એક ડેન્ટીસ્ટ...

૩૫ રૂપિયા ચૂકવવા પડશે. ૧૫ રૂપિયામાં એક ગ્લાસ દૂધ મળશે. ગુજરાતી થાળીનો ભાવ ૭૦ રૂપિયા કરવામાં આવ્યો છે જ્યારે મીઠાઈ સાથેની થાળીનો ભાવ ૧૦૦ થી ૧૧૦ રૂપિયા રાખવામાં આવ્યો છે...

અમિત શાહ દિલ્હી બેઠાં બેઠાં નજર રાખશે...

ભાજપના રાષ્ટ્રીય પ્રમુખ અમિત શાહ દિલ્હી બેઠાં બેઠાં ગુજરાતના સંગઠન અને સરકાર ઉપર નજર રાખશે અને જરૂરી સૂચનાઓ આપશે. રાજ્યનું સંગઠન બરાબર ચાલે છે કે કેમ, સરકારના કાર્યક્રમોને લોકો સુધી પહોંચાડવા કાર્યકરો મહેનત કરે છે કે કેમ તેમજ સરકાર તરફથી સંગઠનને કોઈ અન્યાય થઈ રહ્યો છે કે કેમ તેવા સવાલોના જવાબો અમિત શાહ આપશે. ટીમ અમિત શાહ માટે રૂપરેખા તૈયાર થઈ રહી છે. ગુજરાત જ નહીં, દેશના તમામ રાજ્યોમાં ભાજપના સંગઠન પર નજર રાખવા અમિત શાહ દિલ્હીમાં એક ટીમ બનાવશે, જે ટીમ રાજ્યોનો પ્રવાસ કરશે અને ફિડબેક મેળવશે. આ ટીમમાં મહામંત્રીઓ, સંગઠન મંત્રીઓ તેમજ સંઘના કાર્યકરોનો સમાવેશ કરવાનું તેમનું પ્લાનિંગ છે. આ ટીમ જે તે રાજ્યમાં પ્રવાસ દરમ્યાન ત્રણ દિવસ અને ત્રણ રાત્રીનું રોકાણ કરશે...

બીજાની લીટી નાની કરતાં પોતાની નાની બની જશે...

"બીજાની લીટી નાની કરવાના ખ્વાબ જોતાં લોકો જ્યારે પોતાની લીટી બીજાના ભોગે મોટી કરે છે ત્યારે તે ભૂલે છે કે તેમની લીટી આખરે નાની થતી જાય છે." આ ઉક્તિ એટલા માટે યાદ આવે છે કે ભૂતકાળની સરકારમાં થયેલી પરેશાનીને બદલાની ભાવનાથી જોવામાં આવે ત્યારે શાસક પક્ષ માટે તે લીટી મોટી નથી બનતી પરંતુ તેમની લીટી નાની થતી જાય છે. કેન્દ્રમાં મોદી સરકાર છે. દેશમાં જ્યાં જ્યાં કોંગ્રેસ કે બિન ભાજપની સરકાર છે ત્યાં ત્યાં મોદી સરકારે પંજો માર્યો છે. સરકારને ડિસ્ટર્બ કરવા મોદી બ્રિગેડ કામે લાગી ચૂકી છે. કેરાલા, તામિલનાડુ, પશ્ચિમ બંગાળ, આસામ જેવા રાજ્યોમાં કેન્દ્રનો ચંચુપાત વધી ચૂક્યો છે. હવે ઉત્તરાખંડમાં હરિશ રાવતની સરકાર નિશાના પર છે. આ રાજ્યમાં રાષ્ટ્રપતિશાસન લાદી દેવામાં આવ્યું છે ત્યારે સવાલ એ થાય છે કે કોંગ્રેસ મુક્ત ભારતના ખ્વાબ જોવામાં ભાજપ તેની સત્તાની લીટી નાની કરી રહી છે. બદલાની આ ભાવના સ્વાભિમાન નહીં પણ અભિમાનની ચરમસીમાએ છે...

સરકાર અને સંગઠન પર દિલ્હી બેઠાં બેઠાં અમિત શાહ નજર રાખશે...

કરપ્શનમાં રેવન્યુ ડિપાર્ટમેન્ટ એવરગ્રીન....

ગુજરાત સરકારમાં સૌથી વધુ કરપ્ટ તરીકે મશહૂર થયેલો મહેસૂલ વિભાગ અર્બન ડેવલપમેન્ટ સાથે સ્પર્ધા કરી રહ્યો છે, કારણ કે કરપ્ટ કર્મચારીઓના આંકડા બન્ને વિભાગોમાં લગભગ સરખા રહ્યાં છે. આ બન્ને વિભાગોમાં એક વર્ષમાં ભ્રષ્ટાચારના અનુક્રમે ૧૧૯૧ અને ૧૧૭૧ કેસ બન્યા હોવાનું તારણ નિકળે છે. ભ્રષ્ટ વહીવટના છેલ્લા ત્રણ વર્ષના આંકડા જોઈએ તો ૨૩૦૦૦ જેટલી ફરિયાદો વિઝિલન્સ કમિશનમાં નોંધવામાં આવી છે જેપૈકી ૯૦૦૦ જેટલી ફરિયાદો દફતરે કરવામાં આવી છે, જ્યારે તપાસ કરીને યોગ્ય કાર્યવાહી માટે મોકલવામાં આવેલી ફરિયાદોની સંખ્યા ૧૨૦૦૦ થવા જાય છે. ગુજરાત વિઝિલન્સ કમિશનનો ૨૦૧૪નો રિપોર્ટ કમિશનર એ.કે.જોતિએ રજૂ કર્યો છે. રિપોર્ટમાં જણાવ્યા પ્રમાણે કમિશને નાની-મોટી સજાની કુલ ૧૩૧૩ ભલામણો કરી છે. સૌથી ઓછું કરપ્શન સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગમાં થયું છે...

પુરતી દવાઓ છે, સાધનો છે, ડોક્ટર જ નથી...

ગુજરાતમાં આરોગ્યના સાધનો છે, દવાઓ છે, દદીઓ છે પરંતુ દવાખાનામાં ડોક્ટરની કમી છે. રાજ્યના ૭૭ તાલુકા તો એવાં છે કે જ્યાં સરકારના વ્યાપક પ્રલોભનો હોવા છતાં કોઈપણ ડોક્ટર સરકારી નોકરી કરવા જવા તૈયાર નથી. નેશનલ હેલ્થ પ્રોફાઈલ પ્રમાણે દેશની સરકારી હોસ્પિટલોમાં સરકારી ડોક્ટરોની સંખ્યા ૧૦૬૪૧૪ અને ડેન્ટલ ડોક્ટરની સંખ્યા ૫૬૧૪ છે. હિમાચલ પ્રદેશની સ્થિતિ સમગ્ર દેશમાં ટોચ પર છે. આ રાજ્યમાં ૧૪૧૯ લોકોએ એક ડોક્ટર મોજૂદ છે જેના કારણે તબીબી સુવિધા આ રાજ્યમાં સૌથી વધુ સારી ગણાય છે, જ્યારે દિલ્હીમાં ૨૨૦૩ સામે એક ડોક્ટર છે. કેરલમાં ૬૭૬૨ ની વસતી સામે એક ડોક્ટર છે. બીજી તરફ ગુજરાતની સ્થિતિ ઘણી નાજૂક છે. ગુજરાત આ ત્રણેય રાજ્યો ઉપરાંત સિક્કિમ, આસામ, રાજસ્થાન, તામિલનાડુ, પશ્ચિમ બંગાળ અને કર્ણાટક કરતાં પાછળ છે. ગુજરાતમાં ૩૬૦૦ એલોપથિક ડોક્ટર છે અને ૫૯ ડેન્ટીસ્ટ છે. ગુજરાતમાં ૧૭૦૩૬ ની વસતીએ એક ડોક્ટર અને ૧૦ લાખ સામે એક ડેન્ટીસ્ટ છે. આ ધોરણ દેશની એવરેજ કરતાં પણ ખરાબ છે. સમગ્ર દેશની એવરેજ ૧૧૫૨૮ આવે છે...

શંકરસિંહ ઉદાર છે? કે કહેવામાં કંજૂસાઇ કરે છે...

ગુજરાત વિધાનસભા આજકાલ ભરચક છે. દિન-પ્રતિદિન લકઝરી બસોમાં જિલ્લા અને તાલુકાઓમાંથી મહિલા અને યુવાનોને ગાંધીનગર લાવવામાં આવે છે. પોડિયમમાં મેળાવડો ભરાય છે. વિધાનસભાની મુલાકાતે આવતા બહારના મુલાકાતીઓ માટે સચિવાલય અને અન્ય જગ્યાએ ભોજનની વ્યવસ્થા પણ રાખવામાં આવી છે. ગુજરાતનો પ્રત્યેક નાગરિક વિધાનસભા જુએ તે સારી બાબત છે પરંતુ શાસક પક્ષ જ આવું કરી શકે, વિપક્ષ ના કરી શકે..? આવો એક સવાલ સચિવાલયમાં જોરશોરથી ચર્ચાઈ રહ્યો છે. કોંગ્રેસના એક ધારાસભ્યએ કહ્યું હતું કે વિધાનસભાના નેતા હજારો લોકોને એકસાથે સંબોધન કરી શકે તો વિપક્ષના નેતા હજારો લોકોને સંબોધન કરે તો કોને વાંધો હોઈ શકે... વિધાનસભાના અમારા વિપક્ષના નેતા શંકરસિંહ વાઘેલા ઉદાર છે અથવા તો કહેવામાં કંજૂસાઈ કરી રહ્યાં છે. અમારા નેતાએ લેખિતમાં આ પ્રકારની મંજૂરી માગવી જોઈએ...

ટીકીટમાં ડખા ન થાય તો કોંગ્રેસ માટે અચ્છે દિન...

વિધાનસભાની ચૂંટણી ૨૦૧૭ના અંત સમયમાં છે. રાજકીય પાટીઓ માટે હજી ૧૮ મહિનાનો સમય કહી શકાય તેમ છે. આ સમયમાં શાસક પક્ષે ચૂંટણીલક્ષી તૈયારીઓ અત્યારથી જ શરૂ કરી દીધી છે પરંતુ વિપક્ષ કોંગ્રેસના નેતાઓમાં સળવળાટ જોવા મળતો નથી. કોંગ્રેસના નેતાઓને સ્થાનિક ચૂંટણીની જીતનો નશો ઉતર્યો નથી અને જ્યારે ઉતરશે ત્યારે ઘણું મોડું થઈ ચૂક્યું હશે. પાટી પ્રેસિડેન્ટ ભરતસિંહ સોલંકી અને વિપક્ષના નેતા શંકરસિંહ વાઘેલા સાથે મળીને વિધાનસભાના ૧૮૨

ગૃહના નેતા પરિસરમાં લોકોને મળી શકે તો વિપક્ષના નેતા કેમ નહીં...

ઉમેદવારો પસંદ કરે અને તેમાં ટીકીટમાં કોઈ ડખા ન થાય તો કોંગ્રેસ માટે લોકો કહે છે કે અચ્છે દિન આવી રહ્યાં છે... પરંતુ જો ટીકીટ વિતરણમાં ખરીદ-વેચાણ અને ડખા થયા, બળવાખોરો પેદા થયા તો કોંગ્રેસને દર વખતની જેમ હાફ સેન્ચ્યુરીથી ચલાવવું પડશે. ૨૦૦૭ અને ૨૦૧૨ની ચૂંટણીમાં ૩૦ થી ૩૫ બેઠકો કેવી રીતે કોંગ્રેસે ગુમાવી તે આખી પ્રદેશ કોગ્રેસ જાણે છે....

સરકારમાં મોટાપાયે ફેરફારો તોળાઇ રહ્યાં છે...

ગુજરાત વિધાનસભાના બજેટ સત્રના અંતિમ દિવસો ચાલી રહ્યાં છે. હવે બધાંની નજર સરકારના વહીવટી તંત્રની ફેરબદલ અને મંત્રીમંડળના વિસ્તરણ પર મંડાયેલી છે. આનંદીબહેનની સરકાર તેમના મંત્રીમંડળમાં નવા ચાર ચહેરા ઉમેરે તેવી શક્યતા દેખાઈ રહી છે. એપ્રિલ મહિનામાં થનારા વિસ્તરણમાં પાટીના પ્રેસિડેન્ટ અમિત શાહ અને વિજય રૂપાણીના સમર્થકોને સમાવવાની ગડમથલ ચાલી રહી છે. એક નવી મહિલા સભ્ય કેબિનેટમાં આવે તેવી શક્યતા દેખાઈ રહી છે. આ સાથે મુખ્યમંત્રી અને અન્ય સિનિયર મંત્રીઓના વિભાગોમાં મોટાપાયે બદલાવ જોવાઈ રહ્યો છે. સરકાર જિલ્લાના વહીવટી તંત્રમાં બદલીઓનો દોર શરૂ કરીને છેલ્લે સચિવાલયના વિભાગો તેમજ બોર્ડ-કોર્પોરેશનના સનદી અધિકારીઓની પણ બદલીઓ કરવા માગે છે. ભારતના ચૂંટણી પંચના મુખ્ય નિર્વાચન અધિકારી અનિતા કરવલની બદલી પછી હવે તેઓ નવી દિલ્હી જાય છે કે સચિવાલયના વિભાગમાં આવે છે તે ચર્ચાનો વિષય બન્યો છે...

ટાઈમ લાઈન
- ગૌતમ પુરોહિત